પ્રતિ,
મંત્રીશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષયઃ– નગર રચના યોજના નં. ૪૦ (લીંબાયત–ડીંડોલી) મુસદ્દારૂપ નગર રચના યોજના પ્રસિધ્ધ કરવા બાબત.

આ કામની વિગત નીચે મુજબ છે.

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬/૨૦૦૦ , તા.૨૭–૦૧–૨૦૦૦ થી નગર રચના યોજના નં. ૪૦ (લીંબાયત–ડીંડોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ અને તેની પ્રસિધ્ધિ સરકારશ્રીનાં અસાધારણ રાજયપત્રમાં તા. ૨૮–૦૧–૨૦૦૦નાં રોજ તેમજ સ્થાનિક દૈનિકપત્રો " નવ ગુજરાત સમાચાર " માં તા. ૨૯–૦૧–૨૦૦૦નાં રોજ પ્રસિધ્ધ થયેલ છે.

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (એમેડમેન્ટ) એકટ,૧૯૯૯, તા. ૧–૫–૯૯ થી અમલમાં આવેલ છે. સદર કાયદાની કલમ–૪૨(૧) મુજબ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી, સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૬/૨૦૦૧, તા. ૫–૧–૨૦૦૧ થી મુસદ્દાને પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ સ્કીમમાં સીરકારશ્રીએ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૯૯ ની કલમ–૪૨(૧) હેઠળ ત્રણ મહિનાની મુદત વધારી આપેલ છે.સદર બાબતે ઉકત કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરી, સરકારશ્રીના રાજયપત્રમાં તા.૯–૧–૨૦૦૧ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ અને સ્થાનિક દૈનિકપત્ર " ગુજરાત મિત્ર " તથા " ગુજરાત સમાચાર " માં તા. ૧૦–૧–૨૦૦૧ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરી, વાંધા / સુચનો મંગાવવામાં આવેલ. જે અન્વયે આવેલ વાંધા/સુચનોનો અભ્યાસ કરી,આ સાથે સીમેલ પત્રક–અ મુજબ સુધારાઓ કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૦ (લીંબાયત–ડીંડોલી) તૈયાર કરવામાં આવેલ છે. સદર મુસદ્દારૂપ નગર રચના યોજના ઉકત કાયદાની કલમ–૪૮(૧) મુજબ સમયમર્યાદામાં એટલે કે, ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર તા. ૮–૪–૨૦૦૧ સુધીમાં સરકારશ્રીમાં મોકલવાની રહે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ, આવેલ વાંધા/સુચનોનો અભ્યાસ કરી જરૂરી સુધારા વધારા કરી ફેરફાર સહિતનો આ સાથે ફાઈલમાં સામેલ તૈયાર કર્યા મુજબનો મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૦ (લીંબાયત–ડીંડોલી)ના મુસદા ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ સરકારશ્રીની મંજુરી મેળવવા માટે, સરકારશ્રીમાં સાદર કરવા મ્યુનિ. કમિશ્નરને જરૂરી કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવા આ દરખાસ્ત નગર નિયોજન સમિતિ સમક્ષ રજુ કરશો.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સર્વર/એટીએ /ટીપી૪૦ / દરખાસ્ત૧–ટીપી૪૦